**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૯/૦૨/૨૦૧૬ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૯૬/૧૬**

## અગાઉ મર્ડર/લુંટ/ચેઇન સ્નેચીંગ/ઘરફોડ ચોરી જેવા ઘણા ગુનાઓમાં ગુનામાં પકડાયેલ રીઢો ઘરફોડીયો અને વેજલપુર પો.સ્ટે.વિસ્તારમાં દુકાનનુ શટર ઉંચુ કરી ચોરી કરનાર સાદીક ઉર્ફે રબડી પોલીસ સકંજામાં.

ના.પો.કમિ.શ્રી, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા મ.પો.કમિ.શ્રી ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઇમબ્રાંચના પો.સ.ઇ. શ્રી આર.એસ.સુવેરા, શ્રી એ.વાય.બલોચ નાઓને મિલકત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારુ સુચના કરેલ જે અન્વયે ટીમના માણસોએ ગઇકાલ તા.૨૮.૨.૨૦૧૬ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન દાણીલીમડા ચાર રસ્તા પાસેથી **સાદીક ઉર્ફે રબડી લીયાકતભાઈ અંસારી ઉ.વ.૨૯ રહે.મ.નં.૬૯, બાબાખાન રો હાઉસ મિલ્લતનગર આશિષ હોટલની પાછળ, શાહઆલમ, ઈસનપુર, અમદાવાદ શહેર**ને એક લેપટોપ સાથે પકડી પાડેલ છે. મજકુરની પુછપરછમાં તેણે તથા તેના સાગરીત અફરોજ @ બાલી અને તેનો સાળો સલમાન એ ભેગા મળી આ લેપટોપ તથા પરચુરણ નાણા આજથી બે અઢી મહીના પહેલા પાલડી આંબેડકર બ્રીજની નીચે આવેલ એક દુકાનનુ શટર ઉંચુ કરી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. જે બાબતે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હોય આરોપી તથા મુદ્દામાલ વેજલપુર પોલીસ સ્ટેશન સોંપવામાં આવેલ છે.

## ખુન, ખુનની કોશીષ તથા આર્મ્સ એકટ તથા ચોરીઓની ફોરવ્હીલ ગાડીઓ રાખવાના તથા પ્રોહીબીશન ના સંખ્યાબંધ ગુન્હાઓમા સંડોવાયેલ તથા પેરોલ જમ્પ કરી સંખ્યા બંધ આર્મ્સ એકટના ગુન્હાઓમા સંડોવાયેલ નાસતો ફરતો રાજસ્થાનનો મોસ્ટ વોન્ટેડ આરોપી રાજીવ ઉર્ફે રાજ્યા ઉર્ફે વોન્ટેડ શંકરલાલ મીણાને પિસ્ટલ નંગ-૧ તથા દેશી તમંચા નંગ-૪ તથા નાનામોટા જીવતા કાર્ટીસ નંગ-૨૯ તથા ફુટેલા કાર્ટીઝ નંગ-૩ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર હથિયારો રાખી લુટ, ધાડ, ખુનનાં ગુન્હાઓ બનતાં હોય જે ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુન્હા બનતાં અટકાવવા સારૂ તેમજ નાસતા ફરતાં આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આર.આઇ. જાડેજા તથા પો.સ.ઇન્સ.શ્રી એસ.એન.દેસાઇ તથા બીજા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે ચાંદલોડીયા બ્રિજ નીચે અર્જુન આશ્રમ રેલ્વે ક્રોસીંગ તરફ જતા રોડ ઉપરથી આરોપી રાજીવ ઉર્ફે રાજુ ઉર્ફે રાજ્યા ઉર્ફે વોન્ટેડ S/O શંકરલાલ વાલજી જાતે મીણા ઉ.વ.૩૦ રહે. હાલ મ.નં. ૧૮૨, ગિરીરાજ સોસાયટી, ભુપેન્દ્રભાઇ સોનીના મકાન મા, ચાંદલોડીયા, અમદાવાદ શહેર. મુળ વતનઃ- ગામઃ- ઢેલાણા, તા.રૂષભદેવ જી.ઉદેપુર રાજસ્થાન નાને તા.૨૯/૦૨/૨૦૧૬ ના રોજ પકડી અટક કરી, તેની પાસેથી દેશી હાથ બનાવટની પિસ્ટલ નંગઃ-૧ તથા દેશી તમંચા નંગ.-૪ તથા નાના મોટા જીવતા કાર્ટીસ નંગ-૨૯ તથા ફુટેલા કાર્ટીઝ નંગ-૩ સાથે મળી આવતાં તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આ કામે પકડાયેલ આરોપીની પુછ પરછ કરતાં પોતે ધોરણ- ૧૦ ના અભ્યાસ પછી મુંબઇ સાથી ઓર્ગેનાઇઝેશન મા હોટલ મેનેજમેન્ટ નો કોર્સ કરેલ અને મુંબઇ મા બંગડીના કારખાનામા નોકરી કરતો હતો તે વખતે કામ કરવા બાબતે સાથે નોકરી કરતા પન્નાલાલ નામના માણસ સાથે ઝઘડો થતા તેનુ મર્ડર કરેલ આ ગુન્હામા દોઢેક વર્ષ ચિલ્ડ્રન હોમ મા સજા કાપ્યા બાદ રાજસ્થાન તેના વતન મા આવી ગયેલ અને જુદી જુદી નોકરીઓ કર્યા બાદ ભરત ડાંગી નામના માણસ સાથે ઇંગલીશ દારુના ધંધામા નોકરી કરતો હતો અને સને ૨૦૧૦ મા રાજસ્થાન ઇંગલીશ દારુના કેસ મા પકડાયેલ છે

સને ૨૦૧૨ ના નવેમ્બર મહિના તેના મિત્રો સાથે મળી રાજસ્થાનમા બીજાની ઇંગ્લીશ દારુ ભરેલ ગાડી પસાર થતા તે ગાડી રોકી લીધેલ અને તે ગાડી ના ડ્રાઇવરે ઝપાઝપી કરતા તેના સાથીદારો સાથે મળી પિસ્ટલથી ફાયરીંગ કરેલ અને કેસરીયાજી પોલીસ સ્ટેશનમા ગુન્હો નોંધાયેલ જેમા તેઓ વોન્ટેડ હતા

જેના ત્રણેક દિવસ પછી રાજસ્થાન મા માવલી ખાતે સાવલીયા હોટલમા સુતા હતા દરમ્યાન ડબોક પોલીસ સ્ટેશન ના પોલીસ તેઓને પકડવા માટે આવેલ ત્યારે તેના મિત્રે તેની પાસેની પિસ્ટલ થી પોલીસ ઉપર ફાયરિંગ કરેલ તે વખતે પોલીસે સામે ફાયરિંગ કરતા તેના મિત્ર અરવિંદ ને ગોળી વાગતા અરવિંદ મીણા ત્યાંજ મરણ ગયેલ બાદ રાજુ ભાગીને ટ્રકમા બેસી અમદાવાદ આવી ગયેલ અને ગતિ પાર્સલ સર્વિસમા નોકરી કરવા લાગેલ અને ટ્રક ચલાવતો હતો અને ટ્રકમા જ સુઇ રહેતો હતો.આ દરમ્યાન પકડાયેલ આરોપી વિરુધ્ધમા રાજસ્થાન ખાતેના ગોકુંદા પોલીસ સ્ટેશનમા ધમકી ની ફરિયાદ તેમજ ચોરીની ફોરવ્હીલ ગાડીઓ ખરીદવાના ચારેક ગુન્હાઓ નોંધાયેલ જેમા પકડાયેલ આરોપી નાસતો ફરતો હતો

આ દરમ્યાન તેણે મધ્યપ્રદેશ ઇન્દોર પાસે આવેલ ખરગોન ગામેથી દેશી તમંચા તથા પિસ્ટલો લાવી મારા મિત્રો ને રાખવા આપેલ અને તે મિત્રો હથિયારો સાથે પકડાઇ જતા પોતાનુ નામ ખુલવા પામેલ છે તેવા આઠેક ગુન્હાઓમા વોન્ટેડ છે. અને પકડાયેલ આરોપી ઉદેપુર સેન્ટ્રલ જેલમા હતો દરમ્યાન તેના મિત્રો હથિયારોના ગુન્હામા પકડાયેલ જે તે કેસો મા પકડાયેલ આરોપીનું નામ આવેલ જે દરમ્યાન પેરોલ ઉપર છુટેલ અને પેરોલ ઉપર છુટી ને જેલમા પાછો હાજર થયેલ નથી અને પેરોલ જમ્પ કરેલ છે અને અહી ગુજરાતમા અમદાવાદ ખાતે રહીને ગુજરાત બોર્ડર ઉપરથી ચોરી છુપીથી ઇંગ્લીશ દારુનો ધંધો કરતો હતો

પકડાયેલ આરોપીએ પેરોલ જમ્પ કર્યા પછી અમદાવાદ પાલડી ખાતે રહેતો અને ગુજરાત ઝાંઝરી બોર્ડર ઉપર તેના સાગરિતો સાથે મળી ને અત્યાર સુધી ચારેક વખત ઇંગ્લીશ દારુનો જથ્થો ભરેલ ગાડીઓ રોકી તેમા ભરેલ ઇંગ્લીશ દારુનો જથ્થો લુંટી ગુજરાતમા ચોરી છુપીથી વેચી દેતો હતો.

પકડાયેલ આરોપીના અગાઉના ભાગીદાર માનસિંગ મીણા સાથે ઝઘડો થયેલ હોય તેમજ પોલીસ ની બીક લાગતી હોય છએક મહિના પહેલા મધ્યપ્રદેશ ઇન્દોર ખરગોન ગામેથી વિજય સરદાર નામના માણસ પાસેથી દેશી પિસ્ટલ તથા ૪ નંગ કાર્ટીઝો પંદરેક હજાર મા લીધેલ

બાદ દર મહિને આ વિજય સરદાર પાસે જઇને એક એક દેશી તમંચા તથા કાર્ટીઝો લાવેલ આમ કુલ દેશી પિસ્ટલ નંગ-૧ તથા દેશી તમંચા નંગ-૪ તથા નાનામોટા કાર્ટીઝો નંગ-૨૯ તથા ફુટેલ કાર્ટીઝ નંગ-૩ ના હથીયારો તેણે ગુજરાત રાજસ્થાન પાસે આવેલ ઝાંઝરી બોર્ડર પાસે ખેતરમા છુપાવી રાખેલ અને આજરોજ આ હથિયારો લઇને અમદાવાદ આવી તેના ઘરે જતો હતો દરમ્યાન સદરી આરોપી ચાંદલોડીયા બ્રિજ નીચે અર્જુન આશ્રમ રેલ્વે ક્રોસીંગ તરફ જતા રોડ ઉપરથી પકડી પાડવામા આવેલ છે.પકડાયેલ આરોપીની પ્રાથમીક પુછપરછમા પોતે ૨૦ થી વધુ ગુન્હામા વોન્ટેડ હોવાનુ જણાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

પકડાયેલ આરોપી પોતાની પાસે છ એક મહિનાથી હથિયારો રાખેલ હોય, જે હથિયારોથી બીજા કેટલા ગુના કરેલ છે. કે કેમ ? તે દીશામાં તથા મળી આવેલ હથીયારો તથા કાર્ટીસ સીવાય અન્ય હથિયારો કે કાર્ટીસ છે. કે કેમ ? તેમજ આ હથિયારો કયા ઉદ્દેશથી ખરીદવામાં આવેલ હતા. તે દિશામાં તપાસ પોલીસ સબ ઇન્સ. શ્રી એસ.એન.દેસાઇ નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)